(૧૦)

**પ્ર.૧ (અ) નીચેના શબ્દોના અર્થ લખીને કયા પાઠમાં આવે છે? તે લખો. (૪)**

| | અર્થ | પાઠ |
|---|---|---|
| ૧. વિરય | **પાપથી નિવૃત્ત છું** | **પાંચમા શ્રમણસૂત્રમાં** |
| ૨. કંતં | **કાંત, સુંદર** | **સંથારા** |
| ૩. મએ | **મારા વડે** | **લોગસ્સના પાઠમાં** |
| ૪. તહ | **તેમ જ** | **પ્રતિક્રમણના બીજા પાઠમાં** |

**(બ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૬)**

૧. સંલેખના એટલે શું? સંલેખના ક્યારે કરવામાં આવે છે?

**જ. સંલેખના તે અનસન ધારણ કરતા પહેલા તેની પૂર્વ તૈયારી કરવારૂપ છે. સંલેખના અનસન ધારણ કરવાના જ. છ મહિના પહેલા અને ઉ. ૧૨ વર્ષ પહેલા કરી શકાય છે.**

૨. અત્યારે તીર્થંકરો હાજર નથી તો જૈનધર્મ કેવી રીતે ચાલે છે?

**જ. તીર્થંકરો હાજર નથી, પણ પૂ. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ–સાધ્વીજીઓ અને ભગવાન મહાવીરના ઉપદેશના મુખ્ય ૩૨ આગમો (શાસ્ત્રો–પુસ્તકો) હાજર છે, તેમના આધારે જૈનધર્મ ચાલે છે.**

૩. આંકડામાં જવાબ લખો. સૂયગડાંગ સૂત્રના અધ્યયન – **૨૩,**
શીલાંગ રથ – **૧૮૦૦૦,**
અશુભ લેશ્યા – **૩,**
અસંયમ – **૧/૧૭**

(૭૫)

**પ્ર.૨ (અ) પુચ્છિંસ્સુણં સૂત્રના આધારે જવાબ લખો. (૩૦)**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૨૦)**

૧. ખેયન્ને ...... **પાના નં. ૮૧ ગાથા ૩**　　૨. હત્થીસુ ...... **પાના નં. ૮૯ ગાથા ૨૧**

૩. પુટ્ઠે ...... **પાના નં. ૮૫ ગાથા ૧૧**　　૪. પુઢોવમે ....... **પાના નં. ૯૧ ગાથા ૨૫**

૫. કિરિયાકિરિયં ...... **પાના નં. ૯૨ ગાથા ૨૭**

**(૨) નીચેના શબ્દોના અર્થ લખો. (૪)**

| | અર્થ | | અર્થ |
|---|---|---|---|
| ૧. સમાહિયં | **સમ્યક્ પ્રકારે** | ૨. મજ્ઝંમિ | **મધ્યભાગમાં** |
| ૩. અચારી | **વિહારી** | ૪. અણેલિસં | **ઉત્તમ** |
| ૫. ગંથા | **કર્મરૂપ ગ્રંથિ** | ૬. બહુણંદણે | **બહુ નંદનવનોથી** |
| ૭. મહતો | **મહાન** | ૮. આરં | **આલોક** |

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૬)**

૧. અંધકારમાં કઈ અગ્નિ પ્રકાશ કરે છે તે જે ગાથામાં આવતી હોય તે ગાથા લખો. (અર્થ નહિ)

**જ. વૈરોચન. પાના નં. ૮૩ ગાથા ૬**

૨. મેરૂપર્વત કોની જેમ દેદીપ્યમાન છે? તે કેટલા લોકને સ્પર્શે છે? ટોચ પર શું છે?

**જ. ગિરીરાજ મણિ અને ઔષધિઓએ કરી પ્રકાશિત ભૂમિની જેમ દેદિપ્યમાન છે. ત્રણ લોકને. પંડગવન ધ્વજાની માફક શોભી રહ્યું છે.**

૩. ભગવાનનું જ્ઞાન કેવું હતું? તેઓ કોની જેમ તેજસ્વી હતા? શેની આકાંક્ષા રહિત હતા?

**જ. ભગવાનનું જ્ઞાન કર્મમળ રહિત નિર્મળ, કષાયથી રહિત અને ઘાતી કર્મના બંધનથી મુક્ત હતું. દેવતાના અધિપતિ શકેન્દ્રની જેમ તેજસ્વી હતા. લોક–પરલોકની આકાંક્ષા રહિત હતા.**

**(બ) કાયસ્થિતિના આધારે જવાબ લખો. (૩૦)**

**(૧) કોઠો બનાવીને નીચેના બોલની જઘન્ય અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ લખો. (૧૦)**

**જ.**

| બોલનું નામ | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ૧. આહારક કેવળી | **અંતર્મુહૂર્ત** | **દેશે ઊણું પૂર્વ ક્રોડ વર્ષ** |
| ૨. સંયતાસંયત | **અંતર્મુહૂર્ત** | **દેશે ઊણું પૂર્વ ક્રોડ વર્ષ** |
| ૩. પર્યાપ્તા તિર્યંચાણી | **અંતર્મુહૂર્ત** | **૩ પલ્યમાં અંતર્મુહૂર્ત ઊણી** |
| ૪. કૃષ્ણ લેશ્યા | **અંતર્મુહૂર્ત** | **૩૩ સાગર, અંતર્મુહૂર્ત અધિક** |
| ૫. પ્રત્યેક વનસ્પતિ | **અંતર્મુહૂર્ત** | **૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ** |
| ૬. પંચેન્દ્રિય | **અંતર્મુહૂર્ત** | **૧૦૦૦ સાગર અધિક** |
| ૭. ચક્ષુદર્શન | **અંતર્મુહૂર્ત** | **૧૦૦૦ સાગર અધિક** |
| ૮. વાઉકાય પર્યાપ્તા | **અંતર્મુહૂર્ત** | **સંખ્યાતા હજાર વર્ષ** |
| ૯. કાળ | **–** | **સર્વ કાળ** |
| ૧૦. નપુંસક વેદ | **૧ સમય** | **અનંતકાળ (વનસ્પતિકાળ)** |

**(૨) જોડકા જોડો. (૫)**

| **(અ)** | **(બ)** | **જવાબ** |
|---|---|---|
| ૧. ભાષક | ૧. અસંખ્યાતો કાળ | **૫. ૧ સમય** |
| ૨. માન કષાય | ૨. અનંતકાળ | **૩. અંતર્મુહૂર્ત** |
| ૩. અભાષક સંસારી | ૩. અંતર્મુહૂર્ત | **૨. અનંતકાળ** |
| ૪. સમુચ્ચય બાદર | ૪. પ્રત્યેક સો સાગર સાધિક | **૧. અસંખ્યાતો કાળ** |
| ૫. સંજ્ઞી | ૫. ૧ સમય | **૪. પ્રત્યેક સો સાગર સાધિક** |

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૫)**

૧. ભવ સ્થિતિ અને બાદર કાળ એટલે શું? કાયસ્થિતિની પહેલી ગાથા લખો. (૫)

**જ. ભવ સ્થિતિ – એક ભવમાં જેટલો કાળ રહે તેટલો કાળ તે ભવ સ્થિતિ. જેમ કે પૃથ્વીકાયની ભવ સ્થિતિ જ. અંત. ઉ. ૨૨૦૦૦ વર્ષની.**

**બાદર કાળ – દ્રવ્યથી અસંખ્ય અવસર્પિણી ઉત્સર્પિણી કાળ, ક્ષેત્રથી આંગુલના અસંખ્યાતમા ભાગ જેટલો લોક, કાળથી અસંખ્યાતો કાળ, ભાવથી બાદરકાળ.**

**જીવ ગઈ ઈંદિય કાએ જોગે, વેદે કસાય લેસ્સા ય ।**
**સમ્મત્ત નાણ દંસણ, સંજય ઉવઓગ આહારે ॥**

૨. મન:પર્યવ જ્ઞાન કોને થાય? અત્યારે કેટલા જ્ઞાન છે? તેની સ્થિતિ લખો. (૪)

**જ. સાધુ–સાધ્વીને થાય. ત્રણ જ્ઞાન. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન – સાદિ સાંત. સાદિ સાંતની સ્થિતિ–જ. અંત. ઉ. ૬૬ સાગર સાધિક. અવધિજ્ઞાન–જ. ૧ સમય ઉ. ૬૬ સાગર સાધિક.**

૩. મનયોગની જઘન્ય સ્થિતિ કેટલી છે? શા માટે? (૨×૩)

**જ. જ. ૧ સમય કારણ કે કોઇ જીવ કાયયોગથી પ્રથમ સમયે કાયયોગ પુદ્ગલોને ગ્રહણ કરે છે. બીજા સમયે તેને મન રૂપમાં પરિણત કરીને મૃત્યુ પામે છે ત્યારે તે જીવ માત્ર ૧ સમય માટે મનયોગી થશે કારણ કે ત્યારપછીના સમયે વાટે વહેતો થવાથી ફરી કાયયોગી બનશે.**

૪. કાય પરિત્તની જઘન્ય સ્થિતિ અંત.ની શા માટે? કાય અપરિત એટલે શું?

**જ. કોઈ જીવ નિગોદથી નીકળીને પ્રત્યેક શરીરી રૂપે ઉત્પન્ન થાય છે અને ત્યાં અંત. સુધી રહીને નિગોદમાં ઉત્પન્ન થઈ જાય છે. કાય અપરિત્ત એટલે સાધારણ શરીરી (નિગોદના જીવ).**

૫. પર્યાપ્તાની ઉ. કાયસ્થિતિ કેટલી? શા માટે?

**જ. પ્રત્યેક સો સાગર સાધિક. પર્યાપ્તા જીવ પ્રત્યેક સો સાગર સાધિક સુધી ચારે ગતિમાં જેટલા ભવ પામે તે દરેક ભવમાં પર્યાપ્તા થઈને જ કાળ કરે. અપર્યાપ્તા અવસ્થામાં કાળ કરે જ નહિ.**

**(ક) બાર તપના આધારે જવાબ લખો. (૧૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૨)**

૧. ભાવ કાયોત્સર્ગ એટલે શું? તેના ભેદ લખો.

**જ. આત્મભાવોથી ભિન્ન ભાવોનો ત્યાગ કરવો. તેના ૩ ભેદ (૧) કષાય કાયોત્સર્ગ–તે ૪ કષાયોનો ત્યાગ કરવો. (૨) સંસાર કાયોત્સર્ગ–તે ૪ ગતિમાં જવાના કારણો બંધ કરવા. (૩) કર્મ કાયોત્સર્ગ–તે ૮ કર્મબંધના કારણો જાણી તેનો ત્યાગ કરવો.**

૨. પ્રાયશ્ચિત્તનો નવમો–દશમો ભેદ લખો.

**જ. (૯) પ્રાયશ્ચિત્તમાં આપેલ વિશિષ્ટ તપ જ્યાં સુધી ન કરે ત્યાં સુધી સાધુ સમુદાયની બહાર રાખે પછી નવી દીક્ષા આપે. (૧૦) સાધુ વેશ ઉતરાવી ગૃહસ્થ વેશે છ માસ સુધી સાથે ફેરવી ફરી નવી દીક્ષા દેવી.**

૩. વૃત્તિસંક્ષેપના દ્રવ્યાદિ ૪ ભેદ લખો.

**જ. દ્રવ્યથી અમુક વસ્તુ જ લેવી અમુક ન લેવી. ક્ષેત્રથી અમુક ઘરમાં જ લેવું અમુક ન લેવું. કાળથી અમુક કલાકે, અમુક દિવસે કે મહિને લેવાનો અભિગ્રહ. ભાવથી અમુક રંગ વસ્ત્રવાળા દે તો ભિક્ષા લેવી કલ્પે એવા અનેક પ્રકારના અભિગ્રહ કરે.**

૪. કયા તીર્થંકરના શાસનમાં કેટલું તપ થઈ શકે? યુગમંધર સ્વામીના શાસનમાં કેટલું તપ થઈ શકે?

**જ. પ્રથમ તીર્થંકરના શાસનમાં ૧૨ માસના ઉપવાસ થઈ શકે. વચ્ચેના ૨૨ તીર્થંકરના શાસનમાં ૮ માસના ઉપવાસ થઈ શકે. અંતિમ તીર્થંકરના શાસનમાં ૬ માસના ઉપવાસ થઈ શકે. યુગમંધર સ્વામીના શાસનમાં ૮ માસ ઉપવાસ થઈ શકે.**

૫. પ્રતિસંલીનતાના ભેદ કયા છે તે ટૂંકમાં લખીને ઈન્દ્રિય પ્રતિસંલીનતાના ભેદ લખો.

**જ. ૧૩– ૫ ભેદ ઈન્દ્રિય પ્રતિસંલીનતા, ૪ ભેદ કષાય પ્રતિસંલીનતા, ૩ ભેદ યોગ પ્રતિસંલીનતા, ૧ ભેદ વિવિક્ત શય્યાસન સેવન પ્રતિસંલીનતા. ઈન્દ્રિય પ્રતિસંલીનતા ૫ ભેદ છે. તે પાંચે ઈન્દ્રિયોને પોતપોતાના વિષયમાં જતી રોકવી, પ્રાપ્ત વિષયમાં વિકાર (રાગ, દ્વેષ) ન કરવા.**

૬. પ્રશસ્ત મન વિનય પહેલા ચાર અને સુશ્રુષા વિનયના પહેલા બે ભેદના નામ લખો.

**જ. પ્રશસ્ત મન વિનય – અસાવદ્ય, નિષ્ક્રિય, અકર્કશ, મધુર. શુશ્રુષા વિનય – ગુરુજન અથવા રત્નાધિકને આવતા જોઈને ઊભા થવું, જ્યાં તેમને બેસવાની ઈચ્છા હોય ત્યાં આસન લઈ જવું.**

**(૨) નીચેના કાર્યો કયા તપના છે? (૩)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. રોગી માટે આહાર લઈ આવવો. | **વૈયાવચ્ચ** | ૨. વીરાસને બેસવું. | **કાયકલેશ** |
| ૩. વ્યાખ્યાન વાંચવું. | **સ્વાધ્યાય** | ૪. મૌન હોય તેની પાસેથી આહાર લે. | **ઉણોદરી** |
| ૫. તુચ્છ આહાર લેવો. | **રસપરિત્યાગ** | ૬. હિંસા કરી આનંદ માને. | **ધ્યાન** |

(૧૫)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. કેશી સ્વામીનો પરિચય આપો. તેઓ પોતાના પરિવાર સાથે કયાં ઉતર્યા? (૫)

**જ. પાર્શ્વનાથ ભગવાનના શિષ્યાનુશિષ્ય જ્ઞાન અને ચારિત્રના પારગામી, મહાયશસ્વી કુમાર શ્રમણ કેશી સ્વામી હતા. તેમણે બાળપણમાં જ દીક્ષા લીધી હતી, તેથી તેમને કુમાર શ્રમણ કહ્યા છે. તેઓ મહા યશસ્વી સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન, સમ્યક્ ચારિત્રની આરાધના કરતા હતા. તેમને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન હતું. એકવાર પોતાના શિષ્ય પરિવાર સાથે ગામ, નગર વિચરતા શ્રાવસ્તી નગરમાં પધાર્યા. તે નગરીની પાસે તિંદુક નામના ઉદ્યાનમાં જ્યાં બાજોઠ આદિ સુલભ હતા, ત્યાં જીવરહિત સ્થાનમાં તેના**

**માલિકની આજ્ઞા લઈને કેશીકુમાર શ્રમણ ઉતર્યા.**

૨. ચતુર્ગતિ રૂપી સંસારને કોણ પાર પામી જાય છે? કેવી રીતે? (૨×૫)

**જ. મહાન નિર્દોષ સંયમી સાધુ ચતુર્ગતિ રૂપી સંસારને પાર પામી જાય છે. જેમ છિદ્ર રહિત નૌકા સમુદ્રમાં પાર પહોંચાડે છે, તેમ નિર્દોષ સંયમરૂપ નૌકા ચતુર્ગતિ રૂપી સંસારને પાર પામી જાય છે.**

૩. જ્ઞાન રૂપી પ્રકાશ કોણ આપે છે? કયા સૂર્યનો ઉદય થયો છે?

**જ. સમગ્ર લોકમાં પ્રકાશ કરનારો નિર્મળ સૂર્ય ઉગી ગયો છે, તે અજ્ઞાનરૂપી અંધકારમાં રહેલા પ્રાણીઓને જ્ઞાન રૂપ પ્રકાશ આપશે. સંસારના મૂળભૂત ઘાતીકર્મોનો ક્ષય કરી, કેવળજ્ઞાનરૂપ સૂર્ય ઉગી ગયો છે, તે તીર્થંકર મહાવીર સ્વામી અજ્ઞાનરૂપી અંધકારમાં રહેલા પ્રાણીઓને જ્ઞાનરૂપ પ્રકાશ આપશે.**

૪. અગ્નિ કઈ છે? તેને કેવી રીતે શાંત કરવાની છે?

**જ. ક્રોધ, માન ,માયા, લોભરૂપી કષાય એ ભયંકર અગ્નિ છે. મહામેઘ તે તીર્થંકર અને તીર્થંકરની આગમરૂપ પાણી તથા શ્રુત, શીલ અને તપરૂપ પાણી છાંટીને શાંત કરવાની છે.**

૫. લિંગનું પ્રયોજન શું છે?

**જ. (૧) લોકોની પ્રતીતિ માટે, (૨) સંયમ યાત્રાના નિર્વાહ માટે, (૩) હું સાધુ છું એમ દરેક પ્રસંગે બોધ રહે તે માટે લિંગનું પ્રયોજન છે.**

૬. કેશી સ્વામી અને ગૌતમ સ્વામીના શિષ્યો કેવા હતા અન તેઓને એકબીજા માટે શા માટે શંકા ઉત્પન્ન થઈ?

**જ. બંનેના શિષ્ય સંયમી, તપસ્વી, જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ગુણ સંપન્ન, છકાય જીવોના રક્ષક હતા. બંનેના શિષ્ય સમુદાય એક જ ધર્મના ઉપાસક હોવા છતા પણ વેશ આદિમાં અંતર દેખાવાના કારણે શંકા ઉત્પન્ન થઈ.**

**અથવા**

**પ્ર.૩ ભક્તામરના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

૧. સ્ત્રીણાં ........ **પાના નં. ૨૨ ગાથા ૧૩૫**     ૨. નાસ્તં ......... **પાના નં. ૧૭ ગાથા ૧૩૨**

૩. ચિત્રં ........ **પાના નં. ૧૫ ગાથા ૧૩૧**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૩)**

૧. ભગવાનને એક અને અમલ શા માટે કીધા છે?

**જ. એક – જીવ દ્રવ્યની અપેક્ષાએ અને અમલ – સર્વ કર્મમળથી રહિત.**

૨. કલ્યાણકારી માર્ગ કયો છે?

**જ. વીતરાગ માર્ગ સિવાય બીજો કોઈ કલ્યાણકારી માર્ગ નથી.**

૩. કયો પવન મેરૂપર્વતના શિખરને કંપાવી શક્તો નથી?

**જ. પ્રલયકાળનો પ્રચંડ પવન મેરૂપર્વતના શિખરને કંપાવી શક્તો નથી.**

**જય – જિનેન્દ્ર**